ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૮/૧૯-૨૦/ 4387 તારીખ : 7 NOV 2019

કેસ ન. ૭૮/૧૯-૨૦.

પ્રતિ,

પટેલ વીણાબેન રામચંદ્રભાઈ,

અંબિકા સોસાયટી, પાટડી,

જી. સુરેન્દ્રનગર.

મો : ૯૭૩૭૦ ૫૪૪૫૫

વિષય : **નોંધાવેલ ફરિયાદનું નિરાકરણ ન કરવા બાબત.**

સંદર્ભ : આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા ૦૫.૧૦.૧૯.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(~~એમ.પી.સોલંકી~~)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ~~સુરેન્દ્રનગર~~. ધ્રાંગધ્રા.

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાના:–

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ~~ધ્રાંગધ્રા~~. સુરેન્દ્રનગર

૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, પાટડી.

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

## ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૭૮/૧૯-૨૦ નો હુકમ

વાદી ની તા.૦૫.૧૦.૧૯ ની રજૂઆત અન્વયે તેમની ફરિયાદનું નિવારણ કરવા જણાવવામાં આવેલ. વાદી **શ્રી પટેલ વીણાબેન રામચંદ્રભાઈ,** રહે. અંબિકા સોસાયટી, પાટડી, જી. સુરેન્દ્રનગર, દ્વારા તેમના વીજ કનેક્શન અંગે નોંધાવેલ ફરિયાદનું નિરાકરણ ન થવા ની બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં ઝેડ/ફોરમ /૭૮/ ૧૯-૨૦/૩૯૮૮ તા.૧૦.૧૦.૧૯. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની પાટડી પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા અરજદારને ગ્રાહકની ફરિયાદનું નિરાકરણ કરી હવે પછી પણ તેમની ફરિયાદનું સમયસર નિરાકરણ કરવાની ખાત્રી આપી હકારાત્મક નિવારણ કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તથા વાદી દ્વારા પણ તેમના લેખિત પત્ર તા. ૨૧.૧૦.૧૯ થી ફોરમને જણાવેલ છે કે તેમની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, તથા પ્રતીવાદીના કાર્યપાલક ઈજનેર દ્વારા તેમના પત્ર ન. ૫૮૮૨ તા. ૨૪.૧૦.૧૯ થી ફોરમને કરેલ કાર્યવાહીની જાણ કરેલ છે. આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ વાદીની ફરિયાદનો ગુજરાત વીજ નીયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૧ ના ક્લોઝ ન. ૨.૬૫ મુજબ નિરાકરણ કરવામાં આવેલ હોઈ, વાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | ગેરહાજર<br>(પી. એન. આજકીયા ) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ : ૦૭.૧૧.૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.